જરતોસતીઓમાં પરણતે સમે

આશીરવાદ દેવાએછે

તેહનો

કવીતામાં કરેલો તરજુમો.

બનાવનાર

ર હોશંગજી જામાશપજી જામાસ્પ આસાના

છપાવી પ્રગટ કરનાર

ખુરશેદજી જમશેદજી દસ્તુર જા૦ આ૦

મુંબઈ,

સન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપીઉંછે.

સને ૧૨૩૭ એજદજરદી.

સને ૧૮૬૮ ઈસવી.

કીંમત રૂ ૦ ૧

જરતોસતીઓમાં પરણતે સમે

આશીરવાદ દેવાએછે

તેહનો

કવીતામાં કરેલો તરજુમો.

બનાવનાર

હોશંગજી જામાશપજી જામાસ્પ આસાના

છપાવી પ્રગટ કરનાર

ખુરશેદજી જમશેદજી દસ્તુર જા૦ આ૦

મુંબઇ,

યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપીછે.

સને ૧૨૩૭ એજદજરદી.

સને ૧૮૬૮ ઈસવી.

કીમ્મત રૂ ૦।

સુચના.

નો સારો વેહવાર ચલાવવા, તેમજ જગતનો વીસતાર
કાયદાસર કારોબાર ચલાવવા, અને ટુકામાં સંસારનુ
ટતું સુખ ભોગવવા તથા કુદરતી બખશીશોનો પુરો
ઈનિસાનોને તે પરમ કુરપાલુ પ્રમેશરવરે "લગન"ના પવીત્ર
લાંછે અને તે જોડાવામો તે સાહેબે પોતાની પસંદગી
રેમ કુદરતી ફાએદાઓથી તેમજ ધરમપુસ્તકોથી જણાવીછે.
' એ નામ લેતાંજ કેહવું આપણને ગંભીરાઈ તથા શુભ
પાડનાર નજર આવેછે અને જેહારે તેવીજ પવીત્ર ક્રી-
તેહની ખરી ગંભીરાઈ અને પુરતી અસર સાથે હમેશાં
જોયેછે અને એટલાજ કારણસર સંગલી વરણોમાં લ-
જોડવા તથા લગનની ક્રીરીયા કરવાનુ ધરમ અને ધરમ-
રફતે કરવાનુ જારી રહીઉછે.

ક્રીઓમાં, કેહવાને ખુશી ઉપજેછે કે, પોખત ઉમરનાં
પોના કદીમ રેવાજ પ્રમાણે) હાલમાં વધારે પસંદ થતાં
થી બીજા ફાએદાઓ સાથે તેહની જરૂરીની તથા અ-
શુભ મતલબ લગન સારવા અથવા આશીર્વાદ દેવાની ક્રી-
છે તે (એ પોખત ઉમરનાં લગનના રેવાજથી) આશા રાખવામાં
કે મનમાનતી રીતે અને વધારે ગંભીરાઈથી પરણતાં જોડાંને
ર થશે.

ળમાં પારશી ટોલામાં થતાં લગનની ક્રીરીયા કરવા સારૂ જે તે-
(૨) ધરમગુરૂઓ (દસ્તુર મોબદો) ઉભા રહી પરણતાં જોડાંને
લ છાંટતાં પાજંદ અથવા જુની ફારસી બારામાં જે કાંઈ પઢી
છે જેને સાધારણ રીતે હાલ આપણા લોકો "આશીર્વાદ" હેવે
બોલએછે અને તે પછે તેજ રીતથી ઉપલા પાજંદ બારાના

ભાગનો આગલા વખતમાં થાયજો સંસકરીત તર૦
અશુધ રીતે અને વગર અર્થની રીતે બડબડી જઇ
જેથી હમારા સરવે જરથુશતી વાંચનારાઓ સારી પેઠ
એ ગુણગારી અને ટુક મુલ પાજંદ ભાશામાં જોડેલી
કાંઇ ફકત (આપણાં લોકો સમજે છે તેમ) આશીર્વાદ
આજછે એમ નથી પણ તેમાં નીચે જણાવીઆ મુજ
ભાગોછે અને તે સમજવાની અગત્યછે. એ મધે "જં
ની ભાષામાં બે ઘણુંાંજ ટુકા ફકરા "આઓરીઓ માઓ
"વંઘોતુત" નામનાં પઢવામાં આવેછે અને તે પછે :
માઓરસચે" નો કરદો પઢેછે તે છેક છેહલે (તનદોરોરતી
પઢેછે અને હમો ધારીયછ કે તેજ મુલ આશીર્વાદ અવ

૧—લું. પાજંદ ભાશામાં દસ્તુર અથવા મોબેદ એ
સરૂઆતમાં પઢેછે તે કાંઈજ નહી પણ દીવસ, માસ,
રેઠાણની નોંધ તથા તે સમેની સાહેદોઆની આપેલી ક
વહુ વર (પરંણતાં જોડાં) ની રાજી ખુશીની નોંધ (ઃ
સટર) પઢવામાં આવેછે જે ત્રણ ત્રણ વાર સૌની હ
પઢવાની અગત્ય જણાવેલીછે.

૨—જું. એ પછે બંને મોબદો સાથે એકઠા મલીને જે
પ્રથમ કેટલીક ધરમ નીતીનો સંગ્રહ શીખામનનાં આકારમાં ..

૩—જું. એ પછેના ભાગમાં ટુક આશીર્વાદ અથવા દુઆ
પેઆમાં આવેછે.

૪—થું. ૩૦ ફરેસતાવોને તાલુકે શું શું ખુબી દરેક (ફરેસત

---

* "આઓરીઓ માઓયાઓ" તે "એરમાન" નામનો ફરેસતે
બંદગી, પરૂથવી, ગંભીરાઇ, ખુશી. અને સંતોશ સાથે સંબંધ ધરાવેછે
આરાધનાસાથે હોરમજદની મદદથી પરંણતાં જોડાંને શુખ સંપજ થાઉ
આવેછે તે ૪) વાર પઠે છે. "વઘોતુત" મધે ભલાઇથી સરવે ફાએદાએ
સેલ થાયછે તેમજ પરણતાં જોડાંને થવો. ઇતીઆદી આશીરવાદ છે. આ
એરસ્યમાં પણ કેટલીક શીતમ હુઆછે (એ સઘળા અવશાતા ઇજશને મધે
જુદે ઠેકાણે આવેછે.)

બખ્શીછે તે ખુબીઓ પરણુતાં જોડાં ઉપર ઉતરવાને કરવામાં આવેછે.

પણ ઘણો અગત્યનો ભાગ અવસ્તા ભારામાના કરદા ી "યંથોતુત," "આએરીઓમાએશઓ" અને "અહ- (જે લગન સારે અતલગનો સંબંધ ધરાવેછે તેની)

છેહલું "આફરીને બુજોરગાં" કે જે કેટલાક નામાંકીત ગ્ર સરખા થવાની દુઆછે તે પઢી સરવે લગનની કીરીયા ામાં આવેછે.

છ જુદી જુદી બાબતમાં પારશીઓના હાલના કેવાતા મથવા લગનની કારીયા સંપુરણ થાયછે (અને તે પછે ઉ- અને મતલબ મુજબનો તેનોજ બોલે બોલનો તરજુમો ડેસ અને વગર અર્થની સંસકરીત ભારામાં હાલ પઢ- ાછે) એ સર્વે ઉપર ધેયાન પોંહચાડી જોતાં સાફ ઉઘાડું છ કે જો તે અસલ આકારમાંજ હોય તો તે કોઈબી કંટાલા ભરેલુ અને કુથલા સરીખુ કશુ નથી પણ જ- સીલુ અને શુભ મતલબનુજ થઉછે.

હમારી મુખ્ય મતલબપર આવતાં ફરીથી જણાવીએચ ભારાના ઉપલા આશીર્વાદ સંપુરણ થવા પછે તેની તેજ બાબતોનો આગલ સંસકરીત ભારામાં જે તરજુમો થયોછે લાજ આકારથી (જેમકે તે જાણે અસલ આશીરવાદમાનોજ ાગ હોય તેમ) પઢેછે પણ તેથી કાંઈ ફાએદાસરખુ નદીસતાં ા બેવડો વખત રોકાઈ કંટાલો આવેછે તેમજ વલી અસલ આ- દ બેવડાઈને લાંબા થાઈ પડેછે. જે ઈરાનીઓ તથા કદમી ના જરથુસતીઓ બીલકુલ પઢતા નથી તેમજ તેને અસલ કંઈજ સંબંધ પણ જણાતો નથી. ધારવા મેલે પારશીઓ ઈરા- અત્રે (હીનદોસ્થાનમાં) આવા તે વખતમાં અથવા તે પછે સદી લગે હીનદોસ્થાનમાં કોઈએક ભાગમાં જાંહ પારસીઓની

વસ્તી હશે અને જ્યાંહ સંસકરીત ભાશા ચાલુ ભાશા
સમજતા હશે તે વખતે ઉપલા “પાજંદ ફારસી” ક
બોલનો તરજુમો પરણતાં જોડાંને સમજ પાડવા પઢવ
જણાયછે. તેની ભાશા, લઢણ અને ઢપાછપ શાસતરની '
સંસકરીત સરખી નથી પણ ઘણીજ ઉતરતી અને પ્રાકરી
ચઢતીછે અને ધારણા પ્રમાણે તે વખતે પારસી લોકો પો
ફારસી જુબાન છોડી તાંહ ચાલતી સંસકરીત ભાશા સમજ
એ તરજુમો ઉપલા ફારસી આશીર્વાદ પઢી રહી પરણતાં જો
આપવા તે વખતથી કરીને સંસકરીત ભાશામાં પઢા
ચાલુ રેહલો હાલ સુધી આપણે જોયેછ તો એ ઉપરથી સ

૧ લું તો એ સાબેત થાયછે કે આગલ પારસીઓમાં મ
લગન કરવાનો રેવાજ હશે જેથી પરણતાં જોડાંને સમ
કારણથી તે વખતની ચાલુ (સંસકરીત) ભાશામાં
શીર્વાદનો તરજુમો (ધરમ ગુરૂઓ) પઢીને તેઓને સમ
જેથીકરીને પરણતાં જોડાં પરણવા વગેરેની મતલબ
જો એમ નહી હોય તો પાછલથી થયગો તરજુમો પઢ
કસુબી કારણ જણાઈ શકતુ નથી કાંજે તે અસલ કલ
બોલનો તરજુમોછે કે જેમાં કંઇબી નવલ વીશેસ બીલકુ

૨ જું એવું માલુમ પડેછે કે આગલ આપણા વડવાઓ
ધરમસંબંધી ભણતરનો તથા નીતીનો ઈત્યાદીક સાર ચાલુ
શામાં સહમજવા તથા સહંમજાવવાની અગત જાણતા હતા
તે ઉપરથીજ 'આશીરવાદનો તરજુમો તે વખતની ચાલુ ભાશ
(પરણતાં જોડાંને સમજણ આપવાસારૂ) પઢવાનો રેવાજ
કરેઓ હતો જે આજલગે વગર અર્થે કાએમ રેહલો જણાયછે.

હવે એ ઉપર જણાવેલા અસલ ઈરાંની આશીરવાદનાં કલ
ઘણાંજ નાદર, અસરકારક અને જરૂરનાં છે અને તેની ભ
તથા ઢપ છપ ઘણુંજ રસીલું અને રળીઆમણું છે અને ધારવ
તે અસલ કોઇ અવસ્તા ભાશાનાં કવીતાનાં દફતર ઉપરથી

હશે. એ સગલા કારણસર વલી તે સાથે તે કાંઇ ઘણું
ના સરીખુ નથી તેથી હાલનાં રેવાજ પ્રમાંણે પઢવાને
ામાં જાહજો વાંચો નજર આવતો નથી પણ તેનો સં-
જુમો આજે જેમ નકાંમો, વગર અર્થનો તેમજ કં-
વનારો થાઇ પડ્યોછ તેટલા માટે પઢવાનો બંધ કરીને
શીર્વાદ પઢાયા પછે તેનો તરજુમો પરણતાં જોડાંને હાલ
ાલુ ગુજરાતી ભારામાં સમજાવામાં આવેતો તે વધારે
સર અને અર્થ સાથનુ ગણાય, કારણકે નીચે ટાંકેલા ત્રણ
પુરવાર થાયછે.

એ સંસકરીત તરજુમાંમાં એક શબદ કે એક હરફ વટીક
ે ઉપરથી સમજવુ જોયેછ કે તે કાંઇજ નહી પણ અ-
ાસી પાજંદ" આશીર્વાદનોજ તે બોલેબોલનો તરજુમો છે
. નથી ધરમ ગુરૂઓ (કીરીયા કરનાર) કે નથી પરણતું
મજી શકતું તેહારે તે વગર અર્થનુ, કંટાલાભરેલુ પ-
ફ્રાએદો?

તેની સંસકરીત ભારા અસલમાંજ ગેર માહવેરાની તથા
ાએ અશુધછે તે સાથે વલી એ ભારા જાતે ઉચ્ચારે
ક્ષરવાલી અને વ્યાકરણનાં બારીક નીઅમો ધરાવ-
તેમાં એક અક્ષરતો શું પણ એક કાંનો કે માત્રથી
મીન સરખો અર્થમાં તફાવત અને ફેરફાર થાઇ પડેછે.
ા એ ભાસાનું હાલનાં આપણાં સાધારણ મોબદ સાહેબો
ુ મોહટ મોહટા દસતુર સાહેબો વટીકે શુધ સમજવાનુ ત-
રણની બારીકીનુ ગ્નાન ધરાવતા નથી અને તે પછે તેઓનાં
ો (ચોપડી વાંચીને નહી પણ) મોહડે બડબડ કરે તેમ
ભરઢવા શીખવેછે. તેહારે તેનાં અશુધપણાંનો શોપાર? ઢુકા-
ોલ્યે તો એકખી શબદ શુધ નીકલતો નથી તેહારે અર્થનો અન
થાય એમાં કાંઇજ શક નહી અને એક મશકેરી
સરીખું થાઇ પડેછે. જો કશુ એજ વાતની ખાતરી કરવી હોય

તો કોઈ ભણેલ સંસકરીત શાસત્રીને બેસાડી એક કો
અથવા મોબદ સાહેબ પાસે આશીર્વાદ પઢાવી તેનાં ખ
અનુભવ લેવા માંગે તો હમો ખાતરીથી માનયેછે કે શા
થોડાક બોલો સીવાય કાંઈજ સમજ પડવાની નથી.

૩—જું. એ તરજુમો પરણતાં જોડાંને આગલ જણ
સહમજણ આપવાજ કીધોછે તો તે તેહને પઢનારા પોતે
સહમજતા નથી તેહારે ગરીબ પરણનું જોડું તે તેહને
કંઈજ નહી પણ મેહનત બરબાદ અને ગુનાહ લાજે
થાઈ પડેછે અને વલી નકામું લંબાણ થાઇ સારમાં એ
મોબદો તથા સાંભલનારાઓની મેહનત વેરથજાઈ કંટાળ

એ સરવે વાતો ધેયાનમાં લઈ હમોએ આપણાં ટોલ
થાયલા દસ્તુરજી સાહેબ હોરાંગજી જામાસ્પજીનો એ
લીધોહતો અને તેવો સાહેબથી હમારા મતસાથે એક
દરોબસત હમારી સાથે એક મલતો વીચાર આપી કેટલ
બતાવી એટલુજ નહી પણ મજકુર દસ્તુર સાહેબે ફારસી
માં "પાજંદ ફારસી" માં જે આશીર્વાદ હાલમ
આવેછે તેનો તરજુમો હાલની આપણી ચાલુ ગુજરાતી
વીતારૂપે રચેલો હતો તે માંનવંતના દસ્તુર સાહેબે મોહ
મારે સવાધીન કર્યો કે જેનો હમારે પસંદ પડતો છ
એમ જાણવાથી હમોએ આએ પ્રસંગે છપાવી આપણાં
ભને માટે પ્રસીધ કરવાને વાજબી વીચારુંછે.

એ પરગટ કરવામાં હમારી ન્યમ એજછેકે આપણાં
બદ સાહેબો આજલગે જેમ "આશીર્વાદ" દેતા આવીઆછે
કીરીયા ઉપર તેઓનાં જજમાંનોનો ભાવછે તેમ સુખેથી કરે મ.
આશીર્વાદમાં આગલોજ ભાગ જે પાજંદ ફારસીનો અસલછે*

* કે જેપ્રમાણે આજે કદીમી ટોળાનાં સાહેબો કરેઆ જાયછે અ
વોના દીધેલા આશીરવાદનાં લગનો (સંસકરીતવગર) કાંઇ રદ ગણાતાં
તેહારે એ નકામું ભરડવું કાહાડીજ નાંખવું અને અસલ મતલબ ઉપર
આવવું એ ડાહાપણ ભરેલું છે.

। તંનદોરોરતી પઢે અને તે પછે આમ્મે તેહનો કરેલો તર-
તાં જોડાંને વાંચી સંભલાવે અથવા મોંહડેથી ગાયણરૂપે
ગાવે અને સંસકરીત આશીર્વાદ (કે જે પાજંદ ફારસી
દુઆછે તેનો તરજુમો) પઢવાનુ મોકુફકરે બલકે તદંન
કે જે સર્વેને સવલ, સુતરૂ અને મંનપતીજ પડતું થાઈ
આરાછે.

.જી એમભી આરા રાખ્યામાં આવેછે કે આમ્મે હમારી
ભરેલી દરખાસ્તને આપણાં ટોલાના સર્વે સંમજુ અને
તુર સાહેબો તથા મોબદ સાહેબો ધરટતુ ધેયાન દઈ વાંચી-
વાજબી હોયતો તેમ અમલકરી પોતાનાં દરજબાને જેબ
રેવાજ ચાલુ કરશે.

આપણાં કેટલાક દસ્તુર સાહેબો કેટલેક ઠેકાણે (બેહદી-
મારાથી) આશીર્વાદનો ગુજરાતી ચાલુ મારામાં કરેલો ત-
.લીક વાર વાંચી શંભલાવેછે પણ તે તરજુમો વગર છપ-
વગર અસરનો જણાયછેતો તે કરતાંને સાધારણ રીતે
જુમો ચાલુ થશેતો (હમો ધારીએછે કે) વધારે ફાએદો
। અસર ઉપજાવનારૂ થાઈ પડશે એટલુજ નહી પણ આ-
ભલનારાઓને જે ખોટી રેહવું પડેછે તથા કંટાલો ઉપજે
ન નીકલી જાઈ જરતોશતી ધરેમ પ્રમાણે પરંણતાં જોડાંને
ને કહીછે તે દરેક જરતોશતી જાણી તથા સમજી શકશે
.। લાભ પરણતાં જોડાંને તેમજ બીજા સાંભલનારાઓને-
.કરારબો મલી શકશે.

.ાંનવંનતાં દસ્તુરજી સાહેબે પોતાની બોહલી વીદયાને બલે આમ્મે
જુમો રચવામાં જે પોતાનો ઉપયોગી વખત રોકી પરમાર્થે તશદી

• અગર એમ તરજુમોજ વાંચી જોતો હોય તો આગળ છપાયલી ખોરદેહ
સ્તાની કેતાબમાંથી છપાયલો તેનો તરજુમો તઇઆર છે.

લીધીછે તથા જરતોશતી ટોળાનાં ફાએદાને માટે જે ઉ
છે તે વીશે હંમો મોહટા ઉપકાર સાથે જરતોશતી આલંગ
શાબાશી આપી અને ખતંમ કરવાની રજા લઈયછ.

ખુરશેદજી જંમશેદ

તાજેહ કલંમ.

હમોએ ઉપર કરેલી દરખાસત મુજબ આરા રાખીઓ
વે સંમજુ સાહેબો અમલ કરેઆ જશેજ પણ માઠાં બ
હંમારી ધારણાં પાર નહી પડે તો પણ જે બેહદીન સાહે
વાદ દેવાડવા પછે તેની વાએજ કરાવવાની વારંવાર ખાહે
વેછે તેનાં ઉપયોગમાં આપણાં મોબદ સાહેબોને આએ ક
આશીર્વાદનો તરજુમો ઉપયોગી, સુતરો અને વધારે અ
થાઈ પડશે.

ખ૦

શ્રી હુરમઝદ અશો દાદાર*

નેક મોટો પાક શુભકાર

નિરમળ તેનૂ પનોતુ નાંમ

તેનિ સાહ્યતાથી આ ઠાંમ

ખરા પેગંમબર દરોસ્તનાં

બેશક તે શત જરથોસ્તનાં

પવિત્ર આત્માને કરી યાદ

અંતઃકરણથી આશિર્વાદ

આપૂંછૂં હૂં તંમને જેહ

સર્વે પૂરણ થાજો તેહ

પાંમો પૂત્ર તથા પરિવાર(ક)

વંશ(ખ) તંનો થાજો વીસ્તાર

---

* "દાદાર." એટલે જે ઇનસાફનો ધણી "અશો" એ જે પવીત્ર અને "હોરમઝદ" એટલે જે હમેશાં કાએમ રેહનારો (એ ઇશ્વરનાં નામોછે).

(ક) કુટુંબ. (ખ) આલ ઔલાદનો વીસ્તાર.

ધરથીપર પાંમો ધન્ ધાન્
લક્ષ્મી લાખ ગણી અનુમાન્
આયુષ્ય સંપૂરણ સો વર્ષ
રોજ હજાર ગણો વળિ હર્ષ[ક]
એક એક સાથે બહૂ પ્રેમ[ખ]
સંપ મિલાપ અને સુખ ક્ષેમ[ગ]
સર્વે રીતે સૂખ સંપત્ત[ઘ]
શ્રી ઇશ્વર આપે શૂભ મત્ત

(નોધ.)

આ[illegible] ઉપયોગી, પુ[illegible] [illegible]વ
નેક ઘડી માહ[illegible] [illegible]ાલ

(અત્રે રોજ માહસાલ કેહવું.)

હિંદૂસ્તાનવિશે તે આજ
રાંણી વિકટોરયાનૂ રાજ
અનજૂમંન જરથોસ્તિ હજૂર
સૂંદર શેહર સૂંદર પૂર

(ક) હરખ ખુશી. (ખ) પ્રિતી દોસ્તી. (ગ) આબાદી સુખરૂપ.
(ઘ) મેલાપ તથા જોગવાઈ.

(અત્રે શેહરનુ નાંમ કેહવું.)

નેક સઊથી શ્રેષ્ઠ મનાય
પવિત્ર નીર્મળ નીત્ય ગણાય
"માજદીઅસ્ની" દીન સુજાણ
ફરમાંનો જેના પ્રમાણ(ક)
એક ખુદા જાણીજ દરોસ્ત
હજરત પેગમબર જરથોસ્ત
તેને વચમાં રાખિ ખચીત
માત પિતાના કોલ સહીત
કૂંવારી કનિયા આ કુંશે યાદ
"શાહ [illegible] જનૂ નામ
([illegible]નુ નામ કેહેવું.)

દેરમ ને દિનારનુ દાન(ગ)
કબુલ કરી ઘટતું પએમાંન

(ખ) શાહુજન પ્રણુતી કન્યાને સંસાછે.
અને "દીનાર" એ નાણાં અથવા સીકાનાં નાંમ છે.
ઓમો ચાલતા આવેલા ઠરાવ મુજબ પ્રણુતી વખતે
રમ અને ર) દીનાર "મેહર" તરીકે બોલવા તથા
આમો આવેછે.

રાસ્ત નેક મનશાની સાથ
રૂડાં નામના વરજી(ક) હાથ
(અત્રે વરનું નામ કેહેવું.)
આદરવા બહુ પુણ્ય ઈલાજ
કુટુંબની વૃદ્ધીને કાજ
ધનિ ધનિઆની રીતે સાર
ચલાવવા ચોખો વહેવાર
બંનેની આયુષ્યનો પાર
ત્યાં સૂધીનો કરી કરાર
વિવા ફગી આપ્યો સઉ મળી
વરજી તર્ફ, રોજ [illegible]ને વળી
કીધી આજે જે કબુલાત
પસંદ કરીને સઘલી વાત
તે આયુષ્યના છેડા લગી
પૂરી પાળવી નીત્ય નકી
ધનિ ધનિઆંની રીતેસાર
તમે પાલવા કોલકરાર

(ક) વરરાજા પરણતો છોકરો.

ખૂલ્લ કરોછો રાજી કહિ
હુજન બોલો "હાજી સહી"

(બેહુ વહુ તથા વરની રાજી ખુશી પુછવી.)

(બહુ તરફના વકીલોને.)

સવાલ.

ખરા વકીલો બન્ને[ક] તના
સાંભલજો સઊ સ્નેહ[ખ] ઘણા
કન્યાના પએમાની બોલ
વરજીએ જે આપ્યા કોલ
તે સંઘળૂં રૂડું મનજૂર
થાયુંછે જે તમો હજૂર
[illegible]
સાક્ષી આપોછો સાક્ષાત?

(અત્રે બેહુ તરફના વકીલોને શાહેદી પુછવી.)

(શીખામણો ચુંટી કાઢેલી.)

ખુદા સાહેબનું લઇને નામ
યાહૂ આશિસ[ગ] તમને આમ

"અમેતના" એટલે બેહુના. (ખ) દોસ્તી.
એટલે આશીરવાદ અથવા દોઆ.

સદા સૂખ ને પામો નામ
ખુશાલિમાં કરતા રહો કામ
મલી તમો બન્ને જન વલી
જયાં સૂદ્ધી સેવટની ઘડી
"માજદીયસ્ની" દીન પ્રમાણ
શૂભ ચિન્તનને સારી વાણુ[ક]
રૂડાં રૂડાં કામો કરી
ઇશ્વરની ભક્તી આદરી[ખ]
ભૂંડી મનચ્છા કામ વચંન
એઓનું કરજો ખંડંન[ગ]
ભૂંડાઇને કરજો દૂર
"માજદીયસ્ની" વંદ
ધીર, સબર ને ગંભીરપણૂ
ધાનતદારીનૂં હૂંપણૂ[ઘ]
રાજા જોડે[ન] સત્ય વચંન
સકમાઇથી રલજો ધંન[ચ]

(ક) એટલે જે વાણી બોલી. (ખ) ખુદાની બંદગીને
(ગ) એટલે જે નારા. (ઘ દીઆનત વીશે અભીમાન
(ન) રાજસ્થાને એટલે જે કોરટ ઇનસાફની દરબાર છે
(ચ હરામનો પઇસો નાલેતા સકમાઇથી મેલવજો,

મીત્ર છોડવો સંકટ થકી
હુંકારે જાશો ના છકી
વિશ્વાસૂ થઈ આલસ ખોઈ
જરૂર ચોખી આંખે જોઈ
કરજો તનમનથી ઉદ્યોગ
આવે તેથી લાભ જોગ
દુષ્ટ કરમથી દીલમાં ડરો
ક્રોધ લોભ લાલચ પરહરો(ક)
પાપ કરી લાજોના કોઈ
પૂન્ય કરો લાયકને જોઈ(ખ)
અદેખાઇનો કરજો નાશ
રશો નહિ ગર્વે કંકાશ
કામ(ગ) લોભ ચાડી ચૂગલી
એ સર્વે જાજો દુર ટલી
પરનાર(ઘ) મા બહેન સમાન
ગણી જાણો રાખિને જ્ઞાન

(ખ) સખાવત કરવી તે ઘટતે અને લાયક ઠેકાણે કરવી.
। અને ઈછા. (ઘ) પારકી ઓરત મા બેહન સરખી ગણવી.

સાચપણે સાચો વીશ્વાશ
ધાનતદારી રાખો પાસ
દીનદાર જે દીસે કોય
તથા ભલા લોકો જે હોય
તેઓની શેવા જઈ કરો
દીનદારી પર ધ્યાન ધરો
જૂલમ જાસ્તી ચોરી થકી
દુર શરીરને રાખો નકી
અવીચારી હોય કો દામ
વિશ્વાશે નહીં કરશો કામ
લોભી અને ઠગારા જેહ
સહચારી(ક) નવ કરશો(ખ) તેહ
જેની આડી ચાલ અજોગ
કરજો તેના થકી વિજોગ(ગ)
શત્રુઓની સાથે પણ કંઈ
આડી ચાલે લડશો નહીં

(ક) દોસ્ત. (ખ) નવ કરશો તેહ ઈઆને તેહની દોસ્ત
(ગ) વીજોગ એટલે દુરી.

સૈદેવ(ક) વદજો(ખ) સત્ય વચંન
મીત્રોથી મેળવજો મંન
વણ કામે ધરીને ઉન્માદ(ગ)
વદશો નૈ કો સાથે વાદ(ઘ)
પ્રથમ કરી પક્કો વીચાર
સભા વીશે કરજો ઉચ્ચાર(ચ)
રાજદ્વારે(છ) સંઘલે સ્થાન(જ)
સત્ય પાલજો રાખી માન
પિતા નામને શોભા મલે
હેવાં કામ કરો નિજ બલે(ઝ)
માની આજ્ઞા ધરજો ઊર(ટ)
સંપે સંકટ કરજો દૂર
ચિત્તથી તજજો અશુભ વિચાર
ખોટા નહી કરશો ઉચ્ચાર

(ક) સૈદેવ એટલે હમેશા. (ખ) વદજો એટલે જે બોલજો. (ઘ) કોઈ સાથે લડાઈ ના લડતા. (ચ) સભામાં જે પકું પોખ્ત વીચારી બોલજો. (છ) રાજાદવાર એ- ટલે રાજાને દરવાજે કોરટ દરબારમાં. (જ) સ્થાન એટલે ... (ઝ) ... સઘલાં બલથી. (ટ) માએના હોકમ છાતીએ ધરજો.

જે કેહેવાય ભૂંડાં કાંમ
તેનો નાશ કરો સૌ હાંમ

(આશીરવાદ)

કયખુશરૂ સમ[ક] ભલા જવાન
થાજો તમે સદા શુખમાન
કાઊશ સરખા બૂદ્ધિમાન
રૂસ્તમ જેવા બૌ બલવાન
સુર્ય જેહેવા રોશન બનો
ચંદ્ર પૂન્યથી મીઠો ઘણો[ખ]
સત્ય થકી નામી જરથોસ્ત
તેવા થાજો દિનના દોસ્ત
ભૂમી સરખા ફલદ્રૂપ[ગ] થજો
મિત્ર કુટંબને મલતાં રહજો[ઘ]
જીવ શરીર જેવો સંબંધ
વધજો એવો પ્રીત પ્રબંધ[ચ]

(ક) કેખુસરૂ પાદશાહ જેહવા.
(ખ) જેહવો ચંદ્ર મિઠી રોશની આપી પુન્યવાન છે તેમ
(ગ) પૃથવી જેહવાં ફુલવંત થાજો. (ઘ) રેહજો. (ચ)
તથા બદનને એક બીજા સાથે સંબંધ અને મેલા
માગાં જોડાને પરીતી વધી થાજો.

એકજ ઇશ્વરને માનો(ક)
જરથોસ્તને બેશક જાનો
પાપી લોભી ભૂંડા દેવ
તેની ના કરશો કદિ શેવ(ખ)

(૩૦ ફરેસતાવો વીશે.)

"અહુરમજદ" વડો દાતાર
તેથિ સખાવત પામો સાર
"બેમન" નૈયત આપે નેક
"અરદબેહસ્ત" તે સત્ય અનેક
"શેહરીવર" થા રૂપઅદોશ(ગ)
"સેફંદારમદ" થી સંતોશ
મિઠાસ તૃપ્ત(ઘ) કરે "ખુરદાદ"
સૂફલરૂપી(ચ) "અમરદાદ"
આપે "દેપાદર" દાતાર
વલી સખાવત અપરંપાર(છ)

કરશોના. (ખ) "સેવ" એટલે સેવા.
સુ ચોખ્ખુ. (ઘ) જે મલે તે ઉપર રાજી રેહવું.
આપનાર. (છ) ઘણી.

"આદર" આપે ખુરેહ ઘણું[ક]
"આબાં" દેજ[ખ] પવીત્રપણું
સાયબી આપે "ખૂરશેદ"
"મોહર" આપે વૃદ્ધિ ઉમેદ
આપે "તીર" સખાવત પૂર
"ગોશ" મોટો કરે બ્હાદૂર
વલી "દેપમેહેર" દાદાર
સખાવત આપે સૌવાર[ગ]
"મહેર" તમને આપે ન્યાય
"સરોશ" પાસબાની સદાય
સદાચરણ[ઘ] "રશને" થી જડે
જોર મલે "ફ્રરવદીંન" વડે
જીત ફતે આપે "બહેરામ"
રાંમશાની[ચ] તો આપે "રામ"
શકતી અતિ આપે "ગોવાદ"
એજ તમૂને આશિવાદ

(ક) તેજ, ચલકાટ. (ખ) આપે. (ગ) હમેશાં.
(ઘ) સારે સાચે માર્ગે ચાલવું. (ચ) ખુશી.

"દએપદીન" મોટો દાતાર
સોંપે નેકીનો ભંડાર
દીન" થકી પાંમો દાનાઇ
"અરશશવંગ" થકી ઊજલાઇ
'આશતાદ" કરે હુંનર વૃદ્ધ
આસમાન" આપે સૂબૂદ્ધિ
'જમીયાદ" દે ગંભીરાઇ
'માંરસફંદ" બધેજ ભલાઇ
રેહમંદિદ "અનેરાન"
આશીશ થાજો પ્રમાણ

(વંધાતુતેનો અર્થ)

ભલપણ દિનાદિન તમને મળે
તમથી ભલપણ અમને મળે
બીજા લોક બધા જેટલા
તમથી ભલપણ લે તેટલા
વળિ ચાહૂંછું હૂં બહૂવાર
બધા તમારા ભલા વિચાર

કર્મ વચંન મંન પુરણ થજો
પવીત્રતાથી ઇશ્વર ભજો.
ભળે નુહી તમમાં ભૂંડાઇ
રોજ ભળેજ ભલાઈ ભલાઈ
જેવાં આ આપી આશીશ(ક)
તે પૂરી કરજો જગદીશ(ખ)

(ક) દોઆ. (ખ) જગતનો ઈશ્વર ખોદા